# સંગીતકાર

સંગીતકાર એવા કલાકાર છે જે  સંગીત વાદ્ય વગાડે છે, ગીતો લખે છે અને તેને સંગીતબધ્ધ પણ કરે છે. તમામ સંગીતકારો કલાકારો હોય છે, પરંતુ બધા કલાકારો સંગીતકાર હોય તે જરૂરી નથી.

## વ્યક્તિગત નિપુણતા

- તમે લલિત કલાના અભ્યાસક્રમમાં જોડાવા માંગો છો
- તમને વાદ્યો વગાડવાનું કે ગાવાનું ગમે છે
- તમે સર્જનાત્મક વ્યક્તિ છો



ફી

આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. ૫,૦૦૦ થી ૧,૫૦,૦૦૦*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ - www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે).

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઇન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. કોઈ પણ વિદ્યાશાખામાં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. સંગીત અથવા સંબંધિત વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો.

**અથવા**

સંગીત પ્રશિક્ષક અથવા શિક્ષક તરીકે લાઈસન્સ મેળવવા માટે સ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ, સમાન અથવા સંબધિત વિષયમાં અનુસ્નાતકની ડિગ્રીનો વિકલ્પ પસંદ કરો .

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહીં આપલે આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે

અનુભવના આધારે એક સંગીતકારની માસિક આવક લગભગ **રૂ. ૧૦,૦૦૦ થી ૬૦,૦૦૦** અથવા તેથી વધુ હોય શકે છે.

સ્ત્રોત: bit.ly/31SWCDD

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** ફિલ્મ અને ટેલિવિઝન ઉદ્યોગ, રેડિયો અને બ્રોડકાસ્ટિંગ ઉદ્યોગ, સંગીત કંપનીઓ તેમજ સમગ્ર ભારતમાં આવેલી શાળાઓ, તેમજ અન્ય ક્ષેત્રો.

**ઉદ્યોગ સાહસિકતા:** તમે ફ્રીલાન્સ ગાયક બનવાનું અથવા વ્યક્તિગત રીતે સંગીત શીખવવાનું, તાલીમ આપવાનું પસંદ કરી શકો છો.

**કાર્યસ્થળનું વાતાવરણ:** આ ડેસ્ક નથી. સંગીતકાર તરીકે તમારે મુસાફરી કરવી પડી શકે છે. અંશકાલિન (પાર્ટ-ટાઇમ) તેમજ કરાર આધારિત રોજગાર ઉપલબ્ધ હોઈ શકે છે. કામના કલાકો લવચીક હોઈ શકે છે. શિફ્ટ પ્રથા ઉપલબ્ધ હોઈ શકે છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

વાદ્ય સંગીતકાર → મુખ્ય વાદ્ય સંગીતકાર

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

મ્યુઝિક ટીચર, મ્યુઝિશ્યન, બેન્ડ પ્લેયર

મને સ્કેન કરો

વેબસાઇટ પર જુઓ

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ફાઈન આર્ટસ વિભાગ દ્વારા અનેકવિધ સંબંધિત અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે.** સંસ્થાઓની અહી આપેલ યાદી માત્ર સૂચક છે.

**સરકારી સંસ્થાઓ**

૧. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી – વડોદરા
૨. બનારસ હિન્દુ યુનિવર્સિટી (બી.એચ.યુ.) - વારાણસી
૩. દિલ્હી યુનિવર્સિટી
૪. સાવિત્રીબાઈ ફૂલે પુણે યુનિવર્સિટી
૫. જીવીપી, અમદાવાદ
૬. છત્રપતિ શાહુજી મહારાજ યુનિવર્સિટી, કાનપુર
૭. વિશ્વભારતી યુનિવર્સિટી, પશ્ચિમ બંગાળ
૮. એચએનજીયુ, પાટણ

**ખાનગી સંસ્થાઓ**

(અરજી કરતા પહેલા કૃપા કરીને તપાસ કરો કે સંસ્થા યુજીસી અને એ.આઈ.સી.ટી.ઈ. સાથે સંલગ્ન અને માન્યતા પ્રાપ્ત છે.)

૧. ધ ટૂ સ્કૂલ ઓફ મ્યુઝિક, મહારાષ્ટ્ર
૨. સ્વર્ણભૂમિ એકેડેમી ઑફ મ્યુઝિક, ચેન્નાઈ
૩. વિશ્વકર્મા યુનિવર્સિટી, પુણે
૪. પારૂલ યુનિવર્સિટી, વડોદરા
૫. શંકર મહાદેવન એકેડમી, બેંગલુરુ
૬. લવલી પ્રોફેશનલ યુનિવર્સિટી (એલ.પી.યુ.), જલંધર
૭. એસસીઓપીએ (સ્કોપ), સુરત
૮. બનાસ્થલી વિદ્યાપીઠ, બનાસ્થલી

સંસ્થાઓના રેન્કિંગ અંગેની માહિતી અહીં ઉપલબ્ધ છે - https://www.nirfindia.org/2022/Ranking.html

**ડિસ્ટન્સ લર્નિંગ ઈન્સ્ટિટ્યુટ**

- ઈન્દિરા ગાંધી નેશનલ ઓપન યુનિવર્સિટી (IGNOU)
- ડૉ. બી. આર. આંબેડકર ઓપન યુનિવર્સિટી

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- NPTEL* સ્વયમ: https://onlinecourses.nptel.ac.in/noc22_hs57/preview
- www.skillindiadigital.gov.in
- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in

* એન.પી.ટી.ઈ.એલ.-નેશનલ પ્રોગ્રામ ઈન ટેકનોલોજી એન્હાન્સ્ડ લર્નિંગ. તે ભારત સરકાર દ્વારા તૈયાર કરાવવામાં આવેલ છે જે ઓડિયો-વિડીયો સ્વરૂપમાં વિવિધ અભ્યાસક્રમો ઉપલબ્ધ કરાવે છે.

## સાફલ્ય ગાથા

**અન્નપૂર્ણા દેવી** - રોશનારા ખાન તરીકે જન્મેલા, અન્નપૂર્ણા દેવીને અત્યાર સુધીના સૌથી પ્રખ્યાત સુરબહાર (બાસ સિતાર) વાદકો પૈકીના એક તરીકે ગણવામાં આવે છે. પૂર્વ મૈહર એસ્ટેટના ભૂતપૂર્વ મહારાજા બ્રિજનાથ સિંહ દ્વારા તેણીને અન્નપૂર્ણા નામ આપવામાં આવ્યું હતું, જે કથિત રીતે તેણીની સંગીતની પ્રતિભાનો પુરાવો હતો જે અન્નપૂર્ણા પર્વત જેટલી ઊંચી અને ગહન હતી. અન્નપૂર્ણા દેવીએ સંગીતના પાઠ વિના મૂલ્યે આપવાનું ચાલુ રાખ્યું, ઘણા દિગ્ગજ સંગીતકારોને શીખવ્યું. અન્નપૂર્ણા દેવી ખૂબ જ પ્રતિભાશાળી કલાકાર હતા. તેણીના પિતા અને ગુરુ, અલ્લાઉદ્દીનખાને તેણીને સુરબહાર વગાડવા માટેની પ્રેરણા આપી. સુરબહાર એ એક એવું વાદ્ય યંત્ર જેનો ઊંડો ઘેરો અવાજ, ધ્યાનની ગુણવત્તા, વિશાળ કદ અને નિપુણતા પ્રાપ્ત કરવામાં આવતી મુશ્કેલીઓ આ કલાને ખૂબ જ દુર્લભ બનાવે છે. ત્યાં સુધી કે તેના પ્રશંસકો માટે પણ તે દુર્લભ કલા છે. ૧૯૭૭માં, ભારત સરકારે તેણીને સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર, પદ્મ ભૂષણ દ્વારા સન્માનિત કર્યા; ૧૯૯૧ માં, તેણીને સંગીતનાટક અકાદમી પુરસ્કાર આપવામાં આવ્યો હતો, જે ભારતમાં કલાકારોને આપવામાં આવતો સર્વોચ્ચ પુરસ્કાર છે.*

સ્ત્રોત: https://www.thekashmirmonitor.nª/from-humble-paper-m ache-artisan-to-top-theatre-artist-basharat-hussains-journey-to-fame-has-been-roller-coaster-ride/

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.